NAVSARI AGRICULTURAL UNIVERSITY

# સંશોધન નિયામકશ્રીની કચેરી

## નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી

**ડો.એ.એન.સાબલપરા**
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

ફોન ૦૨૬૩૭ – ૨૮૩૧૬૦,
૦૨૬૩૭ – ૨૮૩૪૫૨
૨૮૨૭૭૧ થી ૭૫ એક્સ.૧૩૨
ફેક્સ ૦૨૬૩૭ – ૨૮૩૪૫૨

---

## –:: <u>પરિપત્ર</u> ::–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તક પ્લાન યોજના હેઠળ શિક્ષણ, વિસ્તરણ શિક્ષણ સંશોધન અને બાંધકામો સદરની યોજનામાં ચાલુ નાણાંકીય વર્ષનાં સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ તરફથી મંજુર કરવામાં આવેલ કુલ ગ્રાન્ટમાંથી રાજય કૃષિ યુનિવર્સિસટી પરિષદ, ગાંધીનગર તરફથી ટેલીફોન પર ચર્ચા થયા મુજબ રૂા. ૯૦૦.૦૦ લાખની ગ્રાન્ટ પરત ખેંચી લેવાની સુચના મળેલ છે. જે મુજબ રીવાઈઝ બજેટ વર્ષ : ૨૦૧૩–૧૪નું સરકારશ્રીમાં રજુ કરવામાં આવતા હવે પછી પ્લાન યોજના સદરે કરકસર પૂર્વક આયોજન કરી ખર્ચ કરવાનું રહેશે. પગારભથ્થાની ગ્રાન્ટમાં હવે પછી કેટલી ચોકકસ જરૂરીયાત /પરત કરવાની છે તે ગણતરી કરી રજુ કરવાની રહેશે. આમ સરકારશ્રીની સુચના મુજબ કરકસર પૂર્વક ખર્ચ કરવાનો રહેતો હોઈ, તે મુજબ ઘટતા પગલા જે તે યુનિટ અધિકારીશ્રીએ લેવાના રહેશે. હવે પછી જાન્યુઆરી– ૨૦૧૪ સુધીમાં આયોજન સાથે ખર્ચ કરવામાં ન આવશે તો ગ્રાન્ટ પરત ખેંચી લઈ જરૂરીયાતવાળી યોજનામાં ફાળવી દેવામાં આવશે અને યોજનામાં ઓછા ખર્ચ અને ગ્રાન્ટ પરત કરવા યોજનાનાં અધિકારીને લેખિત સુચના આપી તેઓના ખાનગી અહેવાલ લખનાર અધિકારીશ્રીએ નોંધ કરવાની રહેશે.

બાંધકામો હેઠળની યોજનામાં ફાળવેલ ગ્રાન્ટ રૂા. ૭૦૦.૦૦ લાખ પરત ખેંચી લેતાં જે તે બાંધકામ યોજનામાં બાકી રહેતી રકમ મુજબ કામગીરી હાથ ધરવાની રહેશે.

તો ઉપરોકત સુચના મુજબ યોજનાકીય કામગીરી કરવા વિનંતી છે.

જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/પ્લાયો./ક.આ.ખર્ચ/ ૩૪૦ /૨૦૧૪
નવસારી
તા. : ૧૩/૦૧/૨૦૧૪

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

**પ્રતિ,**
યુનિટ /સબ યુનિટ/અધિકારીશ્રી, યુનિવર્સિટી અધિકારીશ્રી, સંશોધન કેન્દ્રના અધિકારીશ્રી, નવસારી યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તેમજ અમલ થવા સારું.

F:\Dt.13.01.2014 PARIPATRA Grant Karksar .Doc